શ્રી નવીન.

શ્રી શક્તી ભક્તોને માટે.

ત્રીપુરા સ્તવન.

મંજરીનાં

ઉતમ ગાયન સંગ્રહ.

રચી છપાવી પ્રસીદ્ધ કર્તા.

કાશીપ્રસાદ કૃષ્ણદેવ (યાજ્ઞીક) પાઠક.

શ્રી " મંગળ પ્રસાદ " પ્રીન્ટીંગ પ્રેસ ચુનેલ-બજાર.

કીંમત ૦—૨—૦

નવીન. વંદેમાતરમ. નવીન.

શ્રી શક્તી ભક્તોને માટે.

ત્રીપુરા સ્તવન મંજરી.

નાં ઉત્તમ ગાયન સંગ્રહ.

ગીતિ.

જય મા બહુચર બાળી દીન દયાળી સહાય થાજે મારી;
અલ્પ મતિ મા મારી, ગ્રંથ પુર્ણ કરાવ મન ધારી.

રચી છપાવી પ્રસીધ્ધ કરનાર.
કાશીપ્રસાદ કૃષ્ણદેવ પાઠક.
મુ–પીપળીજ. તા–પેટલાદ.

આવૃતિ બીજી. પ્રત–૯૦૦૦.
સંવત.૧૯૬૫. સન.૧૯૦૮.
કીમત. ૦–૨–૦.

સુરત–શ્રી " મંગળપ્રસાદ " પ્રીન્ટીંગ પ્રેસમાં પ્રેસના મેનેજર
પંડીત. પ્રસાદરાય નંદલાલે માલીકને માટે છાપી.

અર્પણ પત્રિકા.

રા. રા. જુગજીભાઈ માણેકજીવન શર્મા ક. આગ્રા ઉપરકોટ.

સુ [illegible].

વિ. જે આપ સત્યદિલથી મારા સ્નેહીઓ તેમજ તમો મારા ઉપર અતીશય અહોનીશ પ્રીતી રાખો છો ને આપનો શક્તિ [illegible] ઉપર [illegible] પ્રેમ અને ધર્મની લાગણી રાખો છો ને [illegible] ગુરુજી [illegible] તમારી ને મારી વચ્ચે અહોનીશ પ્રેમ ટકી રહે તે માટે આ [illegible] સ્તવનમંજરી નામનો મેં લઘુ ગ્રંથ બનાવેલો તે તમોને આજ રોજ અર્પણ કરૂ તે સ્વિકારશો કે સંતુષ્ટ થાશો કાર્તીક શુક્લ પુર્ણીમા

YOUR FULLY.

PATHAK. KASHIPRASAD KRISNADEV. *[illegible].*

ગ્રંથ કર્તાની સ્વદેશી ભાઈઓ પ્રત્યે વીનતિ

મારા સ્વદેશી સર્વ બંધુઓ આ ગ્રંથ જાહેર કરવાનું કારણ એ છે કે આપણા વાસના રૂપી કલેવરથી ધર્મિષ્ઠ થએલા અંતઃકરણને કાંઈક નિર્મળતા અને પવિત્રતા શિતળ અને શાન્તતાનો આહાર થવાને સારૂ આ મેં ત્રિપુર સ્તવન મંજરી નામનો ગ્રંથ બનાવેલો છે જેમાં નાટકોના તેમજ લાવણી ગરબા ગરબીઓના રાગો મુકેલા છે કારણ આજ પ્રજા કિઓ નિતી હીન ગાયનોનો ત્યાગ કરી આ ગાયનો લક્ષ દઈ વાંચવાથી આપનુ સ્વાર્થ કરશે તેમજ મોક્ષ શોભને ધર્મ સચવાશે એ હેતુથીજ આ ગ્રંથ સર્વે શંકર ભક્તોની તથા સ્વદેશી ભાઈઓના જોવામાં મુકયુ તો ભુલ ચુકની માફી આપી સુધારી વાંચવા કૃતાર્થ થવા વિનંતી છે.

કર્તા

હરીપ્રસાદ વાસુદેવ પ.ટક.

મહાત્મ.

આ સ્થાન પૂર્ણ બ્રહ્મમય તેજમાન ગાયત્રીનું સાક્ષાત ઊજાગ્ર દેવ સ્થાનછે તેજેમાં બાળા સ્વરૂપ (ગાયત્રી) યંત્રછે ને તેની પુજા થાયછે શ્રીમદ્ભાગવતમાં માહાત્મનો શ્લોક નીચે પ્રમાણેછે.

શ્લોક.

इति प्रभाष्यतं देवि मया भगवति भुवि ॥

बहु नामानि केतेषु बहु नामा बहुचर. ॥ १ ॥

જે વખતે શ્રીકૃષ્ણજીનો જન્મ થયોને જશોદાજી ને ત્યાં શ્રી ભગવાન ગયાને દેવકીને ત્યાં માયા રૂપ પુત્રી સૈને તેને દુષ્ટ કંસે મારવા જતાંના સાથેજ માયા વીજળી રૂપ થઇ ઊડી જતાં વાણી થઇકે —" હુ છુ તને મારનાર જન્મ્યોછે તેજ માયાનું આ સ્થાનછે ને બહુ ચરશેના બહુ કરી ચર નામ નિવાસ કર્યો તેથી " બહુચર નામ પડયુંછે જે આ પુરાણ થવાની વાત લોકોની જાણમાંછે તે ભાગવત વગેરે શાસ્ત્રોની કથા આ માહાત્મમાંછે તેથી આપ અનેક જાતના નામ લખેલ છે તે સૌ જાણોછે તેથી બહુ નામ પ્રખ્યાત થઇ હાલ ઘણાજ ઉંચે દરજે આ સ્થાન જાહેર પડયુંછે.

વર્ણન અને વહીવટ.

આ સ્થાન શ્રીમંત ગાયકવાડ સરકારના દેખરેખમાં [illegible] પ્રાંતના [illegible] ડભોઈ તાલુકામાં છે સરકાર તરફથી કીના ખર્ચે આહલાદકારીના [illegible] ના કારભારી હુકમથી અમલદાર રહે છે અને દવાખાનું, નિશાળ, પોલીસ થાણું, મુલ્કી ખાતું, વગેરે કામનું કારખાનું છે અર્થાત્ ગામ [illegible] સરકાર તરફે દુકાનો છે જેના આગળ બધા માનતા વગેરેનું જે ઉત્પન્ન આવે તેમાંથી જતા આવતા યાત્રિક લોકોને સદાવ્રત સરકાર દેખરેખથી આપવામાં આવે છે તે ખર્ચ જતાં જે વધે તે ૧૦ ગરાશીઆ [illegible] કમાણીઆ છે કે દર્શન કરવાના હકસે વેચી લે છે અને ખોટ નાખે તે તેમાંથી પુરી કરે છે વળી [illegible] બાધા હોય તે ત્યાં આગળ મુકાવવા માટે [illegible] સરકાર તરફથી રાખ્યા છે ને તેનું ઉત્પન્ન તે [illegible] તેમાં નિયમ પ્રમાણે વહીવટથી [illegible]

[illegible] ([illegible]) [illegible] પૈસા ૭ તથા સાધુ અને [illegible] [illegible] પૈસા ૭ ફક્ત [illegible] તેમાં બ્રાહ્મણ બાર [illegible] [illegible] આરંભ માત્ર પૈસા ૩ લેવાના છે માથાના [illegible] વગેરે પ્રાતઃ (પરસીયા) માંગે છે તે [illegible] પૈસા [illegible] આમ નાંખે તે [illegible] વગેરેને આપવાના [illegible] માંથી [illegible] તેના [illegible] માટે [illegible] વળી શ્રી [illegible] બાબત [illegible] [illegible] વળી તે સીવાય [illegible] નથી [illegible] ([illegible]) [illegible] સરકાર તરફથી [illegible]

તેની ઉપજમાંથી નિશાળ દવાખાનુ મુલકી શ્રીના નિમનોકી નોકર ચાક
રૂજન નઈવેદ વીગેરે ખર્ચ કરવામાં આવેછે ફોજદારી તમામ કામ વડાવ
ળી થાણાંકે ચાલેછે પણ મોટા મેળામાં મેજીસ્ટ્રેટ અત્રે આવી કામો ચ
લાવેછે વળી માતાએ જવાવાળા જાત્રાળુઓને છુટ હરકત નહી થવાન આ
રૂ તેના જોખમ માટે હાકરડા લોકો શુદ્ધા પાસે ચોકી લેછે તેમાં સ્ત્રી
ની લેતા નથી માતામાં ચોરી થાય તોતે હાકરડાઓને માથેછે પણ હાક
રડાઓને માણસ એક ખાય તેટલુ ખાવા ખાવાણુ વીગેરે તમામને આ
પવુ પડેછે આ બંદોબસ્તછે

વર્ણન.

શ્રીનુ દેવળ ઘણુંજ સરસને જુની બાંધણીનુ મજબુત વિશાળ મો
ટુંછે તેની ત્રણી બાજુએ દીપમાળછે તેને ત્રણ દરવાજા ને ફરતો કોટછે
મોટા દરવાજા બહાર જકાત, નિશાળ દવાખાનુ. પોષ્ટ ઓફીસ વગેરે ધ
ર્મશાળાઓ જાત્રાળુને ઉતરવાનીછે તથા દરવાજા નજીક બજારછે તથા
સામે રમણીક તળાવ આને પુર્વ બાંધેલુ સુંદર તળાવછે તે સીવાય પવિત્ર
માનસરોવર નામનો કુંડછે ને પણ શ્રીના ચંદ્ર રૂપેછે તેની ખુબી અકળ
છે તે સીવાય બીજા ઘણા શીવાલયછે ત્યાંથી એક [illegible] ગબ
બછે તે ધર્મારણ્ય ભૌમી કહેવાયછે તેમાં રામઅવતારની પ્રાચીન દેવળો
છે ત્યા પણ જોવાની ખુબીછે કાલરી વાતને [illegible] વધુ પાબર
હવે શ્રીકૃપાથી આગગાડી અહમદાવાદથી પાલનપુરથી આવતા જતા જાત્રા
ળુને ઘણું સુખ થશે એજ વિનંતી

૧ નેતુત રાહુ કેદ રાગ

માતુ માહરી હે કૃપા કરો દાસની વિનતી ઉર નિશે ધરો
કૃપા કરીને રહુ આજે પુરજો મારી આશ
આણજ રાખી અંબુજારી અરજે માહ રાજ — માતુ માહરી
ભજુ અહનીશ હુ નામ તમારૂ કરજો મુજને સહાય,
આપ કૃપાએ સર્વ સ્તુતિ મ સંગાજ પુર્ણજ થાય. — માતુ માહરી
સુંવાળી અંગો મુદ્રિકા રહુ અનપાલપુર છે ગામ,
બેઠા મધ્યે આપ બિરાજતાં કરો ભક્તનાં કામ. — માતુ માહરી
સર્વ કરીને કરુ વિનતી કરશો નહી મુજ ભુલ,
પીગળ પાહુજ ભાવો નહી એ કળી પંકે મુન. — માતુ માહરી
કરજોડી ફીકર થઈ કહુ મા પુરો મનની આશ.
મોહન રાશી કહે ચર્ણ નમુ મા તેડો આપની પાસ — માતુ માહરી

૨ જગતે છત્રીસી પ જાની ટુંક ગભરાયણ ગટપણુમાં એ સાથ

મળવાને મતી મનાઈ ભારી બહુમારી રે (૨) ટેક
કર કૃપા કૃપાળુ અંબારે હુ જાણુ તુજને શેવીરે
બહારી બારણે તારૂ ભક્તોને સુખ સારૂ,
મોટા રસ્તો મારી માએ કૃપા કરીરે — મળવાને
આવ્યોછુ ભક્તિ કરવારે ત્રીપુરા પારે તરવારે
આશા રાખુછુ તારી માજે મુજને આપી
નિંદ્રામાં દેજે સ્વપ્નુ અતિ સુખ કરીરે. — મળવાને
આ અરજી ઉર ધરજોરે ભક્તોનાં દુઃખ હરજોરે
કાશીપ્રસાદ કહેછે મુજ હૃદયમાં મા રહેજે,

મુજ ચિત ચોટયું બહુચર તુજ ભક્તિ પરીરે. ભગવાને

૩ ગરબો એ રાહ

સદા ગાને તુ બહુચર માતરે જેણે આપ્યો જનમ અવતાર સદા
માના દરશનથી દુઃખ જાયછેરે નામ લેતાં તે પાપ નાશી જાય સદા
માનો ચાચર ફરતો ચોક છેરે ત્રણ દરવાજા એક દીભાગ સદા
માત એમ ચઢીને ગાજતાંરે માએ પહેર્યા તે શોળ શણગાર સદા
માને મુસ્તક મુગટ શોભતોરે માને કાને ઝુમુંક જાય સદા
માને કંઠે મોતીના હાર છેરે માએ અગ્યા રાખી ભાળ સદા
માને હાથે ચુડી રૂડી ઝળકતીરે માની શોભા તણો નહી પાર સદા
માએ સણુ પહેર્યાં ભાત સરખ માના કંચો લાલ ગુલાલ સદા
માને પાયે તે ઘુઘરી બજતીરે ઝાંઝર ઝમકનો ઝમકાર સદા
પંચ શોભા અંત શોભામણીરે તેની આગમ ચાંદીની પાટ સદા
મા દીસે બાળ ત્યાં ઝળઝળેરે આપો પગમાં જગને પાર સદા
માનો ગરબો ગાશે ખુબ પ્રેમથીરે તેને બહુચર થાશે સહાય સદા
માત ૬૪—ચોસઠ—ત્રણ માયમાંરે વદ આઠમીને બુધવાર સદા
કાશીરામ દાસ કહે માત ખમારે કરજોડી નમું તુને પાય સદા

રુક્ષ્મણી લાવણી એ રાહ

શુ મંડ્યું છે મારૂ માવા ન.
અંત કપાળ, મા દયાળ, તેડ પાસ ભગી દાસ ગાઉં ચાઉં હાનેરે
શુ મંડ્યું

ભક્ત તારી મે. ભાવથી ગાયીરે
માત આપ બધું જાય રાખો પાશ વાણીક આશ ધ્યાન ધીરજ મનતેરે

શું મનડુ

આશીઅલ્લાહ કહે ભજો ભાવે આનેરે
આપે દુઃખ અને શુખ ભાગે દુખ જોઉ મુખ ફરી નજરે તેનેરે

શુ મનડુ

૫ લાલ દીપચંદી એ તાલ

ભજો ભાવથી માત મારી ત્રીપુરારી તનમાં ધારીરે ભજો

સાખી

આશક આગેવાનનિ પ્રથમ ન મુકુ પાવ
રંક ભક્ત હુ તાહરો કરજો મારી સહાય ભજો

સાખી

બાળા રૂપે બહુચરા જગદંબા એમ જાણુ
સુખડુ આપે સેજમાં ભજવા જાણી પ્રાણ ભજો

સાખી

દેવી માત દયાળકે સંકટ માં કરનાર
આવે વારે આપના સુખડુ સેજ અપાર ભજો

સાખી

મોહન ગાંધિ નાતમાં મીઠુન નામી નામ
ગાયકવાડી રાજ્યમાં પીલીજ મારુ ગામ ભજો

૬ રાગ. રેખતાંકા ઢંગ

કરશુ આજ તોહરી આશા માતુ મારી ત્રીપુરા ટેક રાખજો
ના ભક્તિ તારી આપજો ૧

રાખશુ આશ આપની, નથી કદી નિરાશની, માતુ મારી કરજો સહાયુ

દુઃખ મારાં દુર થાય
કાશીપ્રસાદ કહે કરગરી, ભજોને ભોળી બહુચરી
જે શક્તિ ભક્તિમાં ભળ્યા, તે નર સીધુમાં તર્યા

૭ મહાડ રાગ ચીતાલ

ધણી શીર સાચોજે મહારાજ
કહે ધણો રંગીલાજે લાજ
દુંગે તુતે રસ્તે ચલ ધણી શીર
સુદીર રહુ ગામછેરે ચુંવાળ ચોકની માંહ
આર્ષભ આગેવાનનેરે પ્રથમ પડીએ પાય ધણી શીર
ભજતાં સહુજન ભાવથીર આપે સુખ અપાર
પટ કરી વાળી ગમશે તેનો સુધરે સઉ સંસાર ધણી શીર
મીથુન રાશી વાનીએ કુજ્જાસ તણો હું દાસ
આશા રાખી તાહરીરે મને કદી ન કરશો નિરાશ ધણી શીર

૮ હું કરૂં ભાગ પર આવો એ રાહ

શર્ણું શ્રીપુર તારૂં [૨]
બાળક જાણી પાળો કે મારો હવે નથી ઉગરવા આરો
મોટી મોટી આશા મુને લાગે ઘણી ભારી હુ શર્ણું
ભક્ત જનેના તુજ બહુચરી
અરરરરરર કરજે તુ વાર મારી ૨૬ ધણી ભકત ધારી
કાશીપ્રસાદ કહે નજરે નિહાળો હુ શર્ણું

૯ લાવણી ગુલ ચમનમે બોલું કુંપાઇ મેં રાહ

કુ. અરજ કરૂં એ માત બહુચર બાળી ૨
સેવકને કરજે સહાય માતુ કૃપાળી
કરૂં સ્તુતિ મનની સાથે સહુ કરજોડી ૨
શુભ વચને તારૂં માત માનિ મમ થોડી
તુજ દેવળ રૂડું નેક ગોખડે સારો ૨
મોંઘા સ્ફટિક સુવર્ણ રત્ન જાણો મા તારો
કરે સેવા ભક્તજનો થય સુખાસન ૨
કુ આશો અહ માત ભાગ્ય ધન મારાં
ઉજરણો માંના ગોખ જોત ઝગ ઝગતી ૨
ઘણી ગરબા ગાવે નાર ચાચરે ફરતી
કહે દાસ મા સહાય થાજે તું મારી ૨
પ્રીત કદી હવે નહિ તારી માતુ બલિહારી

૧૦ દેશી મહુડ એ રાગ

જાગે માત પધાર્યા દરશે દર્શન થયાં આમધેર આવ્યાં બહુચર ભોળી માત
સાથે અંબીકા લાવ્યાં કાળકા આવ્યાં મમકાર્ય સુધાર્યા બહુચર ભોળી

સાખી

ધન્ય દીવસ મા મહેરે દરશન દીધું આપ
કર જોડીને ચરણે લાગુ જાપુ તારો જાપરે જાગે માત

સાખી

સનખલપુરમાં આપ બીરાજો શેવકને કરો સહાય
સંકટ સમયે સમરે ત્યારે સહાય કરો મુજ માય જાગે માત

સાખી

ઝગરી મા એ હું કહું છું અતિ ઘણી મુને આશ
ગાંડો ઘેલો ધારજે તુજ દાસ તણો હું દાસરે   ભજે માત

સાખી

કર જોડીને વિનવુંરે ભવ દરિયે મા તારય
પાઠક કાશીપ્રસાદ કહેછે કરજે મારી વારરે   ભજે માત

૧૨ લાવણી મુજ ઉપર ગુજરી એ ઢાળ

ખરે આજ મળ્યાંછે માતા બાહુચરા મા
કર જોડી નમાવું શીશ ચરણમાં તારાં   ખરેઆજ
શું શોભે મુર્તિ માત તારી સુખકારી
ઉપજે છે મુજને વહાલ જાઉં હું વારી   ખરેઆજ
તુજ દર્શનથી મા ભક્ત મટયા દુખીઆરા
મુજ હર્ષના છોલાર આંખ [illegible]   ખરેઆજ
અમ પૂર્વ જન્મમાં પુન્ય મલ્યાં સુખ દેવા
મુજ રંગે સંગે માત કરૂ હું શેવા   ખરે આજ
હું ગાંડો ઘેલો મા માત બાળક તારો
તુજ ચરણે નમાવું શીશ પાળો કે મારો   ખરે આજ
કાશીપ્રસાદ કહે મા સદા સુખમાં મહાલો
ભવ દરિયો ભુંડો ભક્ત અમો કર ઝાલો   ખરે આજ

૧૨ રાગ જંગલો તાલ ત્રીતાલ

જાગો માતે જગવા તે પુત્રને તત્પર થઈ જાગો.
દીન દયાળી દેવી એ છે જાણો સાચો દેવ.

જુઓ મ્હણી, મેં વાણી સાચી જાણી પ્રેમ આણી
ભજ અરરરરર ચીત્ત રાખીને ભજો આજ લાવો ભજો૦
ચરણકમળ ભક્તિ કીધી દ્દઢ રાખી વિશ્વાસ
જુઓ નજરે, આવી મજરે, માટે ભજરે તુ સમજરે
કર ખરરરરર પાંડ ધાર ભક્તી મારગે ભાવો—ભજો૦
નારીનાઓ નર બનાવ્યો વિશ્વ વિશે વિખ્યાત.
જુઓ દેવી દયા કેવી કરી એવા જુક્તિ જેવી
માટે જ[illegible] ઝટ સમજીને ન [illegible] આવો—ભજો૦
આંધળાને આ આંખજ આપે પાંગળાને આ પાય
એવી જાણો બુદ્ધિ આણો તું લે લાણો સુખ માણો
માટે ભરરરરર ભક્તિ રસનો લઈ લેને લાવો—ભજો૦
હિન્દુને આ સંકટ [illegible] [illegible] [illegible]
દેવી ત્રાશી [illegible] [illegible] [illegible] દશા [illegible] દશા
કહે [illegible] [illegible] [illegible] [illegible] માં [illegible]—ભજો૦

[illegible]રાગ આઠ તાલ લાવણી

સહાય કરો [illegible] [illegible] [illegible] સહાય કરો જગ માત.
દેવી [illegible] [illegible] [illegible] સહાય કરો જગ માત.
[illegible] અધિકારી [illegible] [illegible] ભક્તો જનને લેજો તારી
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] સંકટ સમયે લેજો ઉગારી
સુણો [illegible] [illegible] ગાત [illegible] સહાય કરો જગમાત.
[illegible] [illegible] [illegible] બાળક જાણીને પાળોકે મારો
[illegible] પ્રસાદ આ [illegible] [illegible] આ ભવસાગર પાર ઉતારો

હું નાના ઝુંજ ભક્તિ નહી મુકું
હું થાય જાય આકાય બહુચરા સહાય કરે જગમાત
સહાય કરો જગમાત બહુચરા સહાય કરો જગમાત

૧૪ રાગ ગરબો કોઈ તમારો આંગણીએ

કોઈ આવોરે ચાચરમાં ગીત ગાઈએ
માના દરશનથી થાય સુખરે માય સુખરે માય   કોઈ

સાખી

સોભાગી કહુ માતની મુખે વર્ણવી નાજાય
બોખલી માંડુ સોણાથી બેઠા જગત તણી મમાય
રમાય માગરે માગ કોઈ આવો

સાખી

ગાજે બહુચર ગામમાં ગરબો ઘણી શણગાર
સાગુ ગોરી ચન્નુંએ નાચે કાજળ સાર
સારે સાર—સારે સાર— કોઈ આવો

સાખી

સેંથે હીંગુળ પૂરયાં તીલક શોભે ભાલ
મુક્તક મુગટ મોતીભર માને કાંઇ ઝબુકે ઝાલ
ઝાલરે ઝાલ—ઝાલરે ઝાલ   કોઈ આવો

સાખી

[illegible] પીજ
[illegible] બીજ
[illegible] કોઈ આવો

સાખી

નાગણુ દોરો કંઠીએ બાંધી મોતીનો હાર
દશ આંગળીએ વેઢનાં આપે ઝળ્યા ઝલકાર
કારરે કાન કારરે કાન કેમ આવો અમ્બેનો ગીત ગાઇએ

સાખી

કલ્લાં માંગી આપમાં ફરતા બહુચર ચેન
કાળીપ્રસાદ કહે કરગર્ગ મા પાવને ઝમકે ઘેન
ઘેનરે ઘેન ઘેનરે ઘેન કોઇ આવો

૧૫ રાગ દેશી આદ.

રે પીપલાવના વાસી છો અંબામાવડી આશાપુરી માય
ઘણા દૈત્યોને માર્યા ભક્તોને તાર્યા સેવકની કરી સહાય

સાખી

આશા ભરેલો હુ આવીયોરે પામર ભક્ત તું પાસ
આશા પુરણ કરજો મારી નકરશો નિરાશ રેપીપલાવની વાસી

સાખી

આંધળાને મા આંખજ આપે પાંગળાને પાય
વાંઝીયાને પુત્રજ આપ્યા ગુણ તમારા ગાય રેપીપલાવની વાસી.

સાખી.

વેદ પુરાણમાં વ્યાપિક દેવી નોધારાં આધાર
બાળકનાં પ્રતિપાળ મા છો કરજો મારી વાર રેપીપલાવની વાસી

સાખી

ચરોતરમાં ચહુડાની દેવી સેવક આપુ ભાગ

જાણીને હું આવીયોરે રંક ભકત તુજ બાળ. ૨ પીપળાવની વાસી.

મીયુન રાશી જિનવેરે હુ દીન દીન છું તમ દાસ.
કરજોડીને ચરણ નમુમા તેડાં પ્રારારી પ્રાશ. ૨ પીપળાવની વાસી.
છો અવીનાશી આશાપુરી માય.

૧૬ રાગ. બનઝારો.

તમે સાંભળો બધુ આ વારા; મને સહાય થયા ધણી ભારા.
નારસીગ વીરને નમીએ; તેથી જગત બધાને ગમીએ
એના ગુણ ઘણા છે ન્યારા, તમે સાંભળો બધુ મારા.
મેં અરજ કરી મન ધારી, એણે ખબરજ લીધી મારી;
માટે ગણું પ્રાણથી પ્યારા, તમે સાંભળો બધુ મારા.
ભજવા એ ભાવ ધરીને, સદા ચાલવું સત્ય કરીને;
તો આવે સુખના આરા; તમે સાંભળો બધુ મારા.
હું કુકર્મ રસ્તે ચાલ્યો, મને ઝડપ ઝડપીને ઝાલ્યો;
માટે મુકયા વિચાર નઠારા, તમે સાંભળો બધુ મારા.
મુજપેર કૃત્ય નવ કરશો, કરશોતો નિશ્ચય મરશો;
હું કહુછુ સત્ય આ વારા, તમે સાંભળો બધુ મારા.
સંભાળો સ્નેહથી નીત્યે, જેમ તેમ વાધે બહુ પ્રિતે;
શીર ધણી એ સાચા અમારા, તમે સાંભળો બધુ મારા.
કાશી પ્રસાદ કહેછે, જય જય શબ્દો લહેછે;
હું પીઠીજ વાથી નિરાધારા, તમે સાંભળો બધુ મારા.

૧૭ રાગ—ગીત—માલણ ગુંથી લાવ્ય.

ચાલોને બહુ સાથ દરશન કરવા;
માને પાયે જઇયે માટે તરવા. ચાલોને૦
આજ ચુવાળ ચૌક બિરાજે;

ઘણા ભક્તો તારા થીર કાજે.
શહેર શંખલપુરમાં આવે. ચાલોને૦
એ તો અરજ રંક તણી લે છે;
ઘણુ મનમાં કષ્ટ ફરે છે
જેવાં કરીએ તેવાં ફળ દે છે. ચાલોને૦
હું તો અરજ કરૂ મન ધારી;
જય બહુચરમા બળદારી.
સંકટ સમયે કરને વાર મારી ચાલોને૦
તુંજ ભક્તિ મા અમરત જેવી;
તેને શરણે આશા મને એવી
કાશીપ્રસાદ કહે ભજુ દેવી. ચાલોને૦

૧૮ રાગ—ક્ષત્રીકલંક.

ધન્ય ધન્ય હો બહુચર માત, મંમાયા મેતો તુને જાણી રે;
માજી જુગમાં થયાં છે પ્રખ્યાત. મંમાયા૦
આપ વશીયાં સુવાળ દેશ. મંમાયા૦
શહેર શંખલપુરમાં વિશેષ. મંમાયા૦
આપે નામ ધાર્યું બહુચર માત મંમાયા૦
માજી કરગરી કહુ મારી વાત. મંમાયા૦
ઘણા ભક્ત માંહી હુ છું તારો રંક. મંમાયા૦
કદી જોઈશો નહિ મારો વાંક. મંમાયા૦
આપ દર્શનથી થયો હુ ન્યાલ. મંમાયા૦
પામર ભક્ત જુડે છે હાથ ઝાલ; મંમાયા૦
મેતો સાચ્યો આપનો વિશ્વાસ મંમાયા૦
તેવાં કામ સુધાર્યાં હજુ આસ મંમાયા૦
[illegible] સમુદ્ર [illegible] હવે [illegible] મંમાયા૦
[illegible] [illegible] હાથ તારે પાસ. મંમાયા૦

કહે કિંકર કાશીપ્રસાદ   અંબાયા૦
આપી ભકિત કરૂ સામી સ્વાદ.   અંબાયા૦

૧૯   રાગ. કોતો રાજા સાથે આવુ.

આવો સખી સૌ સાથે જઇયેં; ભકિત કરી માની લાવો લઇયે. આવો૦
સુગ સજીને ક્લેશ તજીને અતિ ઉમંગે માનાં ગીત ગાઇયેં;
બહુચરબાળીનું ધ્યાન ધરીને, માનસરોવર માહમ છે નહિયેં.
ગોખ બિરાજે શેવક શાંગાજે ચરણે નમી માને અરજ કહીયેં;
ધન ધનરે મા બેચર બેચર નરનારી મુખ નામ જપાયે;
ભકિત આપો કૃષ્ટજ કાપો આમામારી તુજ તન થઇયે.
તેઊપારી ન કરશો નિરશે હુ શેવક તુજ ચરણુને ચહીયેં;
પુંજા કરવા હું પ્રિતે આવું પુન્યમ દીન પ્રસન્ન થઇએ.
બાલક કાશીપ્રશાદ કહાવે માના ગુણ ગાઇ મગનજ થઇયેં.

૨૦ રાગ. અભાગી હુસું રાજવંશી ખરે.

ભકિત આપો ભાવથી માસુને, પ્રીત તુજ ચરણુ તેડો કને. ટેક.

સાખી.

બેચર ભોળી માતને, સંકટ વેળા સાથ;
ત્રીપુરા ટેક રખાવજો, વંદુ જોડી હાથ.   (ભકિત૦)

સાખી.

મુજ કરણી જોશો નહિ, હુ ગાંડો ઘેલો બાળ;
બાલવ પકડ્યો તાહરો, બાંના માટે પ.ળ. (ભકિત૦)

સાખી.

આપ વસ્યાં ચુવાળમાં, માતુ ગરીબ નિવાજ;
બજરી જે જન આવશી, તેનાં સરસે કાજ (ભકિત૦)

સાખી.

કાશીપ્રશાદ કહે કરજોરી, ભક્તિ સ્વામા આપ્ય;
બોંચર બોચર જે જપે તેનાં જાયે પાપ. (ભક્તિ૦)

૨૧ રાગ. પ્યારી પ્યારી ઓ પ્યારી.

બાળી બાળી ઓ બાળી તુજ ભજનથી સુખકારી,
તું જગત જનેતા દેવી સુખ દુઃખમાં મેં મા શેરી;
હું આશા રાખું તારી, કરો શહાય બહુચરા મારી;
હું ભજન કરું મનધારી, લાગીછે લગની ભારી — બાળી૦
હદની મર્યાદા મુકેતો, આ ભક્ત ભજન તુજ ચુકે;
મને લેજો તપાસી તાવી, વેલી વેલી મા આવી.– બાળી૦
કાશીપ્રસાદ કહેછે મુજ હ્રદયમાં મારેછે;
આજ થયો આનંદ માત, બલીહારી તુજ ભજનથી સુખકારી.-બાળી.

૨૨ રાગ—લાવણી (પીલુબરવો) ગીરધારીરે.

સુણો અરજરે ભક્ત નીરંતર જાણી, તું શંખલ પુર ધણીયાણી.

મુલ.

દેવી શારદા રહયાં મુજ મુખરે, તેથી પામું સંસારમાં સુખરે;
પણ આપીરે તેમાં નીરમળ વાણી. .... તું શંખલપુર૦
હું તો વિનતી કરૂં કરજોડરે, મહાલક્ષ્મી પુરો કોડરે;
આશા તારીરે રાખું પ્રભુ પટરાણી .... તું શંખલપુર૦
મહાકાળી કરોને મહેરરે, થાય આનંદ લીલા લેરરે
તુજ ભક્તનેરે શહાય કરો મહા પ્રમાણી........ તું શંખલપુર૦
જાણું અંબાને ઉમીયા એક રે, કરે ભક્તો તણો વિવેકરે
બ્રહ્મા શંકરરે વસતારે તું આણી............ તું સંખલપુર૦
મહ દેવીને દેવો ભજનારે, નહી જુજવાતે સમજનારે;
કાશીપ્રસાદ કહેરે સમજો અંતર પ્રાણી......તું સંખલપુર૦

૨૩ રાગ–સુણો પ્યારી પ્રેમદા મારી.

સુણો અરજ ભહુચરા બાળીહો મલવા ત્રીપુરા મતિ મારી.
દીનદયાળી આવ્યો જાણી જય જય જય શંખલપુર રાણી;
દુઃખ કાપ્ય બાળકનાં બાળીહો..................(મળવા૦)
જગ્ત જનેતા શુંખની દાતા, હરીહર બ્રહ્મા તુજ ગુણ ગાતા;
જપે જાપ ધ્યાનમાં ધારીહો..................(મળવા૦)
દુષ્ટે દેવને દુઃખ ઘણું દીધું, દેવે તુજ આરાધન કીધું;
કરી ક્રોધ આવ્યા સુખકારીહો..................(મળવા૦)
મૃગ સ્વારીથી ઉતર્યાં બાળી, ક્રોધ કરીને કોપ્યાં કૃપાળી;
માએ દૈત્યો નાંખ્યા સંહારીહો..................(મળવા૦)
મહાત્મા માનાં ચરણ નમીયાં, તે સમે માના ક્રોધ સમીયા;
કરો સ્હાય માતા તુ મારીહો..................(મળવા૦)
સોળંકીને મહાસુખ આપ્યુ, સંકટ સમયે કષ્ટ કાપ્યું;
કીધો નર હતી જે નારીહો..................(મળવા૦)
પોળે ઘડથી આવ્યાં ચાલી, ડાક ડમરૂને ત્રીશુળ ઝાલી;
માએ ભકતો લીધા તારી હો..................(મળવા૦)
નામ રટણ જે નીત્યે કરશે, કારજ તેનાં સરવે સરશે;
કરે ભજન તે સુખકારી હો..................(મળવા૦)
પાઠક કાશીપ્રસાદ કહે છે, તુજ સ્મરણમાં ચીત રહે છે;
આપો ભકિત રૂદયા કારી હો..................(મળવા૦)

૨૪ રાગ૦ નાણુ નખરાથી નીત્ય છેલને નમાણુ રે૦

ભજો ભકિત ભાવે માના શર્ણંગતે જાવુરે.
ભજો ભજો ભાવે સત્યજ કાવે,
બાળી માતુ બોચર ભજતાં, સુખ મુને આપુરે ભજો૦
આવ્યો છું તુજ પાસ ધણી છે મોટી આશ;
આપ સ્મરણ કરતાં ખુશી થાઉં થાવુરે. ભજો૦
કાશીપ્રસાદ કહે ભકિતનો રસ લહે;
દર માગસરમાં માની કૃપાથી હું આવુરે. ભજો૦

૨૫ રાગ. માબા આવો જુઓ

ચાલો ચાલો સર્વે બહુ મળી સાથે જઈએ રે.
સાથે જઈએ રે માના શરણે રહીએ રે;
કરજોડીને માને અરજ કરીએ. ....ચાલો૦
ભાવે કરો ભક્તિ સેવા સહુ શક્તિ,
બહુચર ભજતાં કદી ન ડરીએ..........ચાલોને૦
ઘણું સુખ આપે કષ્ટજ કાપે,
ભાવ ધરી માની પુજા કરીએ...... ......ચાલોને૦ ૧
સહાય કરે ભોળી માતુ કૃપાળી,
કાશીપ્રસાદ કહે માને સ્વાધીન થઈએ.....ચાલોને૦

૨૬ રાગ. મંગળકરણ ભયહરણ

ભજીએ (૩) ભક્તો માત બહુચરી
સુખ થાય દુઃખ જાય ધ્યાન જો ધરી.
સહાય (૩) થાય સહેજ માવડી;
રાખો ટેક આશા એક માતા એ પરી
અરજ સુણી સહાય થાજો મેર મા કરી
કાશીપ્રસાદની વિનંતી લેજો ઉરમાં ધરી.

૨૭ રાગ. બંધ કીધો બાપુ શું છે કામ

કેવું સુંદર માનું ધામ કેવું સુખકર માનું નામ
અતિ શાન્તિ પામું રે કેવું સુખકર માનું નામ ટેક
ગોખની માંહે શોભમાં છે કરે ભક્તોનાં કામ
અરે કરે ભક્તનાં કામ અતી શાંતી પામું રે કેવું૦
શ્રીપુરા તારી ખુબ ખુબી છે જપે પશુ તુજ નામ
ચેલાં જપે પશુ તુજ નામ અતિ શાન્તિ પામું રે કેવું૦
બહુચર બહુચર નામ જપાવ્યું કીધાં ભક્તનાં કામ

વાહ કીધાં ભકતનાં કામ અતિ શાંતિ પામુ રે હેતુ૦
કાશીપ્રસાદ કહે સ્મરણ કરજો કરે ધારેલાં કામ
હાંરે—કરે ધારેલાં કામ અતિ શાંતિ પામુ રે. હેતુ૦

૨૮ રાગ. લાવણી

અરજ અમારી માત ઉર ધરજોરે અરજ મારી ઉર ધરજો
બાળક જાણી સહાય કરીમાસંકટ સહુ હરજો
ગાંડોઘેલું માત બાળ તારોરે ગાંડોઘેલું માત બાળતારો
નારી વેશે નૃત્ય કરું મા ભવસાગર તારો
હ્યારો હું ઘણો પાપી રે હ્યારો હું ઘણો પાપી
બેઉ કરજોડી ચરણ નમું મા કરજો મારી માફી
હૃદયમાં આવી વસો મારેરે હૃદયમાં આવી વસો મારે
લાજ મા કુળની મુકી આવી પાર તારે
લોક સહુ કરેર તાન તાળીરે લોક સહુ કરે તાલ તાળી
પણ અન્તરમે નિશ્ચે કીધો ભણુ માત બાળી
ભલે મા બોલ્યો ગાંડુ ગાંડુરે ભલે મા બોલ્યો ગાંડુ ગાંડુ
પણ અન્તરમાં કપટ નથી મા આપ બોલવું આંડુ
તપાશી લેને માત તાનીરે તપાશી લેને માત તાની
ભકિત ભાવથી ભજન કરૂ મા શીપુન રાશી મારી.

૨૯ રાગ. આશાગોડી

સ્હાય કરો ને મા મારી ત્રીપુરારી સ્હાય કરો ને માત મારી;
બીજ સેવકને શરણે રાખી સંકટમાં હ્યો ઉગારી ત્રીપુરા
ભકત ઘણાંનાં કારજ કીધાં તેથી આશા રાખી તારી.
દીન મતિનો મા દાસ હુ તારો પણ જો નજરે નીહાળી
કાશીપ્રસાદ કહે જાઉ બલીહારી તુજ ભકિત હૃદયમાં ધારી ૧

૩૦ ગરબો રાગ.—ઠુમરી

ધન્ય શંખલપૂર શહેર તણી રાણીરિ આણી બહુચરા,
એને ભજતાં દુખડાં દુર કરશે કિંકરનાં સંકટ સૌ હરસે.
સેવકની વિનતી ઉર ધરશે,......................ધન્ય સંખલપુર૦
એને નમીએ બેઉ કરજોડી, જઈએ સામા દોડી દોડી;
રાખો નહિ પ્રીતિ કોથોડી..............................ધન્ય શંખલપુર
માજી સંખલપુર બિરાજે છે, દરવાજે નોબત વાજે છે;
માનુ મુખડું રૂડું લાગે છે......................ધન્ય સંખલપુર૦
દેવળ સુકિત છે બહુ સારી, ધન્ય બહુચરમાની બલીહારી:
ત્યાં સંગ ભરાએ બહુભારી......................ધન્ય સંખલપુર૦
માનો ચાચર ફરતો ચોકજ છે, તેના સામો માનો ગોખજ છે;
માનુ દેવળ રૂડુ નેકજ છે......................ધન્ય સંખલપુર૦
માજી ગોખનીમાંહી બીરાજે છે, માભકતોનાં દુખડાં ભાગે છે
માને છત્ર સોનાનુ શીર છાજે છે..............ધન્ય સંખલપુર૦
માની પૂનમદીન શોભા સારી, સાયંકાળે નીકળે સ્વારી,
ધન્ય ધન્યરે માનુ તુ મારી....................ધન્ય સંખલપુર૦
માજી સુખપાલે ચઢી માલો છો, કરૂણા દ્રષ્ટીએ ભાળો છો
માજી ખડગ ત્રીશુળ કર ઝલો છો............ધન્ય સંખલપુર૦
માજી સંકટ હરજો, ભકત તણાં ધાર્યાં કરજો;
જગત તણાં નમ મરજો ચિત આભકત તણાં........ધન્ય સંખલપુર
માજી વરઘોડો ફરીઓ તારો, તે તો લાગ્યો ભકતને બહુ સારો.
કિંકર કાશીઓ પીઝ વાળો......................ધન્ય સંખલપુર૦

૩. રાગ. હવે મને હરિનામથી નેહ લાગ્યો.

હવે મુને બાળા ભજનમાં લેહ લાગી.
આ તનડામાં તાળી તેની વાગીરે..................હવે મુને૦
આરે સંસારીડા દુઃખ રૂપી દરાઓ મનથી જરા જોને જાગી;
અંતરનો અભિમાન છોડીને રાખ્યુ મનમાં વૈરાગ્યરે. હવે૦

મોહ માયા તારા સાથે નહિ આવે ના આવે પુત્ર પિતાજી;
કાશીપ્રસાદ કહે એ ઉર સમજીને ભાવે ભજી હયો માતાજીરે.
હવે મુને બાળા ભજનમાં લેહ લાગી.

૩૨ રાગ. આવો કુમ કુમને પગલે

જય આનંદી તું બાળી, કર જગતમાં સૌ સુખકારી;
કૃતિ કોઈ કળે નહિ તારી, હું જાઊં વારી વારી.
દીશંતાં માત દયાળુ, કરો આપ દયા કૃપાળુ;
લીધા મેં આજનો લાવરે, કાશીપ્રસાદ કહે સુખ આપરે....જય.

૩૩ રાગ.—ગરબી

સાચો ધણી મારોરે નારશીંગ સાચો ધણી મારોર.
સહેજ ભજનમાં સુખડું આપે એનો ગુણ ઘણો ન્યારો....[નારશીંગ.]
આશરો એક આધાર તમારો આ રદયે ધારોરે..........નારશીંગ.
સુખ રૂપી મુને શેવા દેજો, જાણી બાળ તારો..........નારશીંગ.
શરણે રહયા તેને સહાય કરીને દુઃખડાં દુર ટાળો..........નારશીંગ.
કાશીપ્રસાદ કહે સૌ જન ભજજો, આવે સુખ અપારો.....—નારશીંગ.

૩૪ રાગ. જોઈ ટીપણું ને રાજા કહ્યું શું.

ભજો ભાવે જગતમાં નરનેનારી બહુચર બાળીરે; [૨].
સેજ ભજનમાં સુખીઆ કીધા ઘણાક નરનેનાર;
હું પણ આશા રાખુ તારી નાંધારા આધાર..............ભજો.
ઉત્તરના દરવાજે પેસી અંદર આવે જેહ,
તે જન માને ખોળે બેઠો નીરખતી થઈ દેહ..............ભજો.
ત્યાંથી ચાલી ચાચર આવ્યો ખુશી થયો મુજ મન,
આમા નહિને દર્શન કીધું મા તુજને ધન ધન..........ભજો.
ધન્ય ભાગ્ય આ સુખી કેરાં વસીયાં [illegible] આપ,
કહે જનને મા સુખમાં [illegible] રાખજે તે તો માપ.....ભજો.

ભુખાં આંધળાં મુગાં જનને તેં મા આપી સ્હાય
વંધ્યા નારને પુત્રજ આપ્યાં ગુણ તમારા ગાય.........ભજો૦
માન સરોવર રુડુ માનું નીર્મળ જળ તેમાં નાય,
નાહી સ્વચ્છ થઈ પાય પડે તો કોઢ કોઢ ખોવતો જાય.........ભજો૦
વિપ્ર ઘણા આનંદ કરે મા ફરતા ઠામોઠામ,
ખાંતે લાડુ ખાવા આવે બોલે માનુ નામ...............ભજો૦
એ મા તારે પાયે લાગુ સેવકને થા સ્હાય,
મિથુન રાશી કે પાય પડુ મા મેર કરો મંમાય...........ભજો૦

૩૫ રાગ સુંદીર પ્યારી હું તો નારી અલબેલી રે

હવે પ્રીત જામી મારે ભજવા બહુ નામી રે (૨) ભજવા
આળસ રાખુ એથી થાઉ અજ્ઞાની રે (હવેપ્રીત)
અરજ કરૂછુ ઓ માતુ કૃપાળી રે
ભક્તોનાં સંકટ સમયે આવજે સામી રે [હવેપ્રીત]
બહુચરબાળી તારા ગુણની બલીહારી રે
અમરેત દષ્ટી ભાળો છો જગ ગામી રે [હવેપ્રીત
કાશીપ્રસાદ ભજે સુખ ઘણું ધારી રે
રંક હુ ભકત તારો કરો નીષ્કામી રે (હવેપ્રીત)

૩૬ રાગ—પંથી પરદેશી ચિત્ત ચોંપી,

આવજે સ્હાય જગતમાં બાળી મા બળોદા.........રી.
અવર નહિ આશા એક ભક્તો રાખે તા.........રી.

સાખી.

કરઆરી કરજોડીને, પડીઆ માના પાય,
કૃપા દ્રષ્ટિએ ભાળતો સુખડુ આપજે સાવ,
અંતર ભજવા જાણી આપી માત મા.........રી.

સાખી.

જોસ્વી માની જગતમાં ઠામે ઠામ ગવાય,
એવી માત દયાળી એ મેર કરો મંમાય.
આપે દર્શનતો દુઃખ ટાળે ત્રીપુરા.........રી.

સાખી.

સર્વમાં શક્તિ રહી જુઓ તપાસી તેહ,
જો શકિત ના હોતતો ન રહે તારો દેહ.
કાશીપ્રસાદ સમજી ભજો નર ના.........રી.

૩૭ રાગ—દીલ મારૂ માને નહિ મનડું ઠરે નહિ,

મારા હૈયાના હાર છો, નેણાં શણગાર છો, ભાવે ભજો માત બેચરી.
દુઃખ ભક્તોનાં ભાગ્ય મુજો સમુળાં, બાળ મા અરજ કરે મન ઉચરી,

સાખી.

બાળપણાંની પ્રીતડી અંતરથી અળગી નહી,
પણ ઊછેર્યાં હાથથી હવે દુઃખ દેશો નહિ.

સાખી.

અપરાધી અજ્ઞાનનો હું સરીઓ તુજ બાળ,
પણ અંતર નવ લાવશો દેવી માત દયાળ,
થયો સુણુહસમી રહી નહિ ખામી કાશીપ્રસાદ કહે ઊચરી,
મારા હૈયાના હાર છો, નેણાં શણગાર છો ભાવે ભજો માત બેચરી,

થાળ ૩૮ રાગ—આવો હરી શીવશંકર ભોળા

આરોગો બહુચર બહુ નામી, રહ્યા ભકિત તમ બહુ જામી. આરોગો.
અમ ઘેર આનંદે આવો ભકતોને લેવરાવવા લાવો,
રંક જાણી સહાય તમે થાવો આરોગો.
મંગાજળથી ભરી ઝારી ધુપ દીપ કરી આ સુખ કારી,
સુવર્ણ થાળમાં મુકી થારી આરોગો.
મનફાવ્યાને શાખંડ વળી જમો પોળી શીમાં તમે ચોળી,

ક્ઢુ રસ કેરું દૂધ ઘોળી. આરોગો૦
સુગરા સુંદીર છે સારાં સુખલડીને શાકરપારા,
જમો લાડુ ઊપર ઘી ધારા આરોગો૦
થાળમાં સુંદીર ભજી વળી રતાળુને ચોળા મગની ફળી,
ટાંદળજોને મેથીની ભાજી મળી આરોગો૦
સવારફળીમાં ભળુ ફોળુ, મહા ક્યોં દહીં લાવું મોળું
જમો પ્રેમે વાવલા ફું દોળુ આરોગો૦
અથાણામાં આંબાની કેરી, પાપડને ચટણી ક્યો લહેરી
લીંબુ પીળી આદાની ચીરી આરોગો૦
કુર કમોદનો તણો કીધો, માંહી ઘૃતતણો દોરો દીધો
હેતે જમો લાવો મેં લીધો આરોગો૦
દાળ કઢી ઊનાં લેજો, ખાટુંને ખારૂં મને કેહેજો
જે જોઈએ તે માગીને લેજો આરોગો૦

કઢયાં દુધ પીધાં સુખકારી, ચરુ કરી ઊઠયાં મા બાળી
મુખવાશ આપી મેં સોપારી આરોગો૦

કાશી પ્રસાદે અરજ કીધી, બીડી પાન ભાસ્કની દીધી
હશી માએ મુખડામાં લીધી આરોગો૦

૩૯ આરતી રાગ—આરતીનો

જય જય જય બાળી મા જય જય બાળી નઉતમ મુરતી તારી,
નજરે મેં ભાળી. જય જય જય બાળી જય બાળી૦
માતે પહેર્યાં દક્ષણુ ચીર ચોરી સુખકારી;
સીંહ ચઢીને ગરજે માતુ કૃપાળી——જય જય બાળી૦
મા તારા મુસ્તક મુગટ શીર જાઉં બલીહારી;
લલાટે ટીલડી શોભે આંખો અણીઆળી—જય જય બાળી૦

માતા તેજ તણો નહિ પાર શોભા બહુ સારી;
નાક વિષે શોભે મા સોનાની વાળી——જય જય બાળી૦
મા તારે કંઠે પુષ્પના હાર પચરંગી ધાયી
મન શોભે ત્યાં મારૂં તુંછે રઢીયાળી——જય જય બાળી૦
મા તારે કાંને કુંડળશાર તુંછે ત્રીપુરારી
એક સ્વરૂપે દેવી સરવે મહાકાળી——જય જય બાળી૦
મા તારુ મુખડું લાલ ગુલાલ શોભા શી તારી
વર્ણન કરતાં તારૂં રવી શશી અજવાળી—જય જય બાળી૦
મા તારે કરેછે કંકણ ચાર ગજરા મા ભરી
ગરબો રંગે ગાતાં દોછો મા તારી——જય જય બાળી૦
મા તારે ઝાંઝળ ઝમકે પાય આનંદી સેરી
ભક્ત નિરંતર જાણી મા લેજો પાળી—જય જય બાળી૦
સઉ શક્તિ શંકર એક ભજજો નરનારી
મોહન રાશી કહે માનો તો નિત્ય દીવાળી—જય જય બાળી૦

૪૦ રાગ—પુનમચાંદની

નમો પ્રેમથી માને ચીતે ધરી રે, જેથી આવે નહિ ભક્તિમાં વિઘ્ન,
આજે આરાધુ ત્રીપૂરા બાળી બહુચરી રે.
માની ભક્તિથી સુખ આ સંસારમાં રે,
ભક્તિહીન મીથ્યા મનુષ્ય અવતાર........આજે આરાધુ૦

સાખી.

મચ્છમાટે બગલુ જુવો, આવી બેસે જળઘાટ.
વળી ચાતક મલસે સદા, સ્વાતી બિન્દું માટ.
એનું ધ્યાન અહોનીશ હૃદયે ધારવું રે,

એવા આપણુ સ્વાર્થક થાય...............આજે આરાસુ૦

સાખી.

અવનવીને આ વિશ્વમાં, કુડાં કીધાં કામ
તે નર ખર સમ જાણજો, બોળે બાપનું નામ

જ્ઞાન વિનાનું જીવતર એમ જશે રે,
માટે ખાંત ધરીને ભક્તીરસ સંભાળ્ય.....આજે આરાસુ૦

સાખી.

અલ્પ ગ્રંથ પુરણ કરો, પૂર્વ જન્મનું પુન્ય
કાશીપ્રસાદ કહે કરગરી મા તુજને ધન્ય

બોલે જય અંબા મારા જુહાર છે રે.
હું છુ દાસતણો નીજ દાસ રહુ ઉલાસ...આજે આરાસુ૦

ધુન્ય

બહુચર બાળી મહાકાળી જય અંબાને જય અંબાને
અંબાને જય અંબાને બહુચર બાળી મહાકાળી જય૦

સમાપ્ત.

અગાઉથી ઉત્તેજન આપનાર સદ્ગૃહસ્થ ગ્રાહકોનાં નામ.

મુ૦ પીહીજ   તા૦ પેટલાદ.

૧૦૦ રા-રા- ઝવેરીશંકર ગીરજાશંકર અંબાજી તથા બહુચરાજીના સંઘવી.
૫૦ રા-રા- ત્ર્યંબકલાલ જેઠાલાલ યાજ્ઞીક શ્રી ઉપાસીક.
૧૦૫ રા-રા- છોટાલાલ મુળજીભાઇ યાજ્ઞીક-બાળા ઉપાસીક.
૧૦ રા-રા- લાભશંકર હરગોવિંદ ભટ્ટ સરાફી.
૧૦ રા-રા- અંબાલાલ જીભાઈ ત્રીવેદી.
૨૧ રા-રા- વૈદરાજ શીવશંકર દલપતરામ ત્રીવેદી.
૫૦ રા-રા- ઉમીયાશંકર ગોવર્ધન ભટ્ટ સ્કુલ શાળાના આસિસ્ટંટ.
૨ રા-રા- જાઠાલાલ ગણપતરામ ત્રીવેદી.
૨ રા-રા- નરનારાયણ દીનાનાથ ભટ.
૨ રા-રા- હીરાલાલ દીનાનાથ ભટ.
૩ રા-રા- પ્રભાશંકર બાપુજી ભટ
૩ રા-રા- અંબાલાલ દાજી ત્રીવેદી.
૧૦ રા-રા- સબુરભાઇ ગણપતરામ ત્રીવેદી. રામલીલાના મેનેજર.
૫૦ લુહાર છગનલાલ સોમલાલ બહુચરાજીના માગશર પુનમના વરસુદીઆ
૨ રા-રા- વનમાળી નાગરભાઇ લુહાર વિલાયતી ફેશનનાં ચાપુ બનાવનાર.
૨ રા-રા મનસુખભાઇ લલ્લુભાઇ મીસ્ત્રી વિલાયતી નમુનાકેતાળાં બનાવનાર
૨ રા-રા- માણેકલાલ જયશંકર ખેડાવાળ ત્રીવેદી.
૨૫ રા-રા- ભુલાભાઈ રણછોડભાઇ પટેલ મણીયારીના મહેતાજી.
૨ રા-રા- સોની ચુનીલાલ કેવળ ચોખા દાગીનાના વહેપારી.
૨ રા-રા- ગોવિંદભાઇ અજુભાઈ પટેલ ચકરી વહેપારી.
૧૦૦ રા-રા- મોતીલાલ તુલશીભાઇ પટેલ ડેમોલ સ-ગુ શાળાના હેડમાસ્તર
૨ રા-રા- જોઈતાભાઇ સીવાભાઇ પટેલ ડેમોલ કન્યાશાળાના હેડમાસ્તર
૩ રા-રા- સોમાભાઇ મંગળભાઈ ડેમોલ સ-ગુ-શાળાના પહેલા આસિસ્ટંટ.

મુ—મલાતજ.   તા—પેટલાદ.

૧ રા-સ હરગોવિંદ હીરજીભાઇ મીસ્ત્રી લુહારી સુતારી કામના કારીગર

મુ૦ બેચરાજી   તા૦ વડાવલી.

૨ પુજારી અંબાલાલ મુળજીભાઇ ત્રીવેદી.
૭ રા-રા-શા સુંદરભાઇ મંગળજીભાઇ અફીણ ભાંગના કંત્રાટદાર.

મુ૦ ડેમોલ તા૦ પેટલાદ.

૧૦ રા-રા-શા નાંનાલાલ નંદલાલ તમાકુના દલાલ.
૩ રા-રા. મણીલાલ પ્રભુરામ ખેડાવાળ બ્રાહ્મણ સરકારી નેકર.

મુ૦ પેટલી તા૦ પેટલાદ.

૩ રા-રા- બાઇશંકર દાજીભાઈ ત્રીવેદી.
૪ રા-રા- લલ્લુભાઇ છગનલાલ ત્રીવેદી.
૨ રા-રા- જગન્નાથ મનસુખરામ ત્રીવેદી.
૭ રા-રા- નાથાભાઇ હરીભાઇ શાહ.

મુ૦ ડભોવ તા૦ પેટલાદ.

૫૦ રા-રા- ગોર લલ્લુભાઇ રણછોડભાઇ ત્રીવેદી ગ્રંથકર્તાના સસરા.
૩ રા-રા- ચુનીલાલ કાશીરામ ત્રીવેદી.
૨ રા-રા- સોની જેઠાભાઇ હરગોવિંદ વતનદાર
૩ રા-રા- દરજી જીવાભાઈ પીતાંબરદાસ
૩ રા-રા છોટાલાલ ગણપતરામ ત્રીવેદી. મુ૦ સમોલ તા૦પેટલાદ.
૫૦ રા-રા. ત્રીભોવન જોઇતારામ આસાપુરીમાતાના પુજારી. મુ. પીજલાસ
૧૦ શ્રીયુત. ઇશ્વરલાલ દયાશંકર દવે. પુનમના સંઘવી મુ. વીરમગામ
૨૫ રા-રા ગણપતરામ કેસવરામ ઠાકર વતનદાર. મુ. ઝાંઝ તા-સીસવા
૧૦ રા-રા કાકા આત્મારામ જેઠારામ સદ્ગૃહસ્થ. મુ. નગરા [ખંભાત]
૩ રા-રા બેચરભાઇ પીતાંબરદાસ વતનદાર મુ. બાકરોલ તા-પેટલાદ
૩ રા-રા રેવાશંકર મહાશંકર ત્રીવેદી. ખુશાલચંદશેઠના મુખ્યાજી (વડોદરા)
૧૦ શીવાભાઇ ગલાભાઈ દરજી કાઠીઆવાડી દરવેશ સીવનાર મુ. ઓડ—આણંદ
૪ રા-રા મણીલાલ મોહનલાલ ત્રીવેદી ગ્રામશાળાના મહેતાજી મુ-રાંધેજા
૭ રામદાસ ગીરધર કાછીઆ. મુ૦વસો તા—પેટલાદ

બીજી આવૃતીનો વધારો.

રાગ. જુગદંબ્યા જશ ગાઉશું ગરબો.

પીઝમાં પરતે ઘણો મા જાણુી રે, ટેકરીએ માનો વાસ. ક્ષેમકલાણીરે ટેક.
આસોમાસ સોહામણો મા જાણુીરે, ગરબો ગાવાનુ મન. ક્ષેમ૦ ૧
હાંસ ઘણી મન માતને મા જાણુીરે, નવરાત્રી ફેરા દીન. ક્ષેમ૦ ૨
પ્રતીપદા આસોતણી મા જાણુીરે, સજ્યા સોળે શણુગાર ક્ષેમ૦ ૩
ચરણા ચોળીને ચુંદડી મા જાણુીરે, માના ઉરપર એકાવળ હાર. ક્ષેમ૦ ૪
બાંહે બાજુબંધ બેરખા માજાણુીરે, માને દશેઆંગળીએ વેઢ ક્ષેમ૦ ૫
સેવકને કરણા કરી મા જાણુીરે, દરશનનેમાટે તેડ. ક્ષેમ૦ ૬
પુરણ પુન્યઅતાપથી મા જાણુીરે, અમે વશીઆ માની પાસ. ક્ષેમ૦ ૭
નીતનાત સુખનીહાળતાં માજાણુીરે, મુજમનની પહોંચે આશ ક્ષેમ૦ ૮
સુખ આપે સંસારનાં મા જાણુીરે, દુઃખ દુકીત દુર પલાય. ક્ષેમ૦ ૯
કંઠે નવસર હારડા મા જાણુીરે, માનુ મુખડુ ચંદ્ર કળાય. ક્ષેમ૦ ૧૦
શ્રવણે રવીશશી શોભતા માજાણુીરે, કાને દુર એોટીસાર. ક્ષેમ૦ ૧૧
માદળીઆં માળા ઘણી માજાણુીરે, માનેકોટેબેરો શણગાર ક્ષેમ૦ ૧૨
સોનાચુડી ચળકતી મા જાણુીરે, પાયે ઝાંઝરનો ઝમકાર ક્ષેમ૦ ૧૩
ચંદ્રહીરુ શીર સોભતુ માજાણુીરે, તેના તેજતણો નહિપાર ક્ષેમ૦ ૧૪
માને નાક વાળી ઝળહળે માજાણુીરે, મોતી બીલમની જોડ ક્ષેમ૦ ૧૫
કાનેકુંડળ ઝળહળે માજાણુીરે, તે દેખી પહોંચે કોડ. ક્ષેમ૦ ૧૬
નયણે કાજળ સારીઆં માજાણુીરે, માનાં મુખભરાંત ગાળ ક્ષેમ૦ ૧૭
સરદપુનમસમ ચાંદલો માજાણુીરે, કીધી કેશરીઆડ કપોળ. ક્ષેમ૦ ૧૮
પુજન વીવીધપ્રકારથી માજાણુીરે, કરેસેવક નીશદીન રાત. ક્ષેમ૦ ૧૯
નવદીન ખેલનવાનવા માજાણુીરે, દીનદશમે જમીયાંમાત. ક્ષેમ૦ ૨૦
રમીજમીને માતપધારીયાં માજાણુીરે, પુરી સેવકની આસ ક્ષેમ૦ ૨૧
ઓગણુીપાંસઠ સાલમાં માજાણુીરે, છેસુદીર કાર્તીકમાસ ક્ષેમ૦ ૨૨
શુકલપક્ષ તિથી સાતમે માજાણુીરે, અર્હીતવારે વીલાસ. ક્ષેમ૦ ૨૩
[illegible] જેવી નિત્યે મા જાણુીરે. કાશીપ્રસાદ છે તુળજદાસ ક્ષેમ૦ ૨૪

રાગ. લલીત છંદ

અરર ભક્તજો, બંધુ માહિયરા; લક્ષથી જુઓ, નેત્રથી જરા.
હૃદય જેહતુ, જ્ઞાનમાં જાણ્યુ; તે અંતે લાભ બે, લાગશે ગણુ.
સ્વજન બંધુઓ, ધર્મને ધરી; સ્વક્રિય આચરી, બન્નેને ઉચ્ચરી.
પ્રેમની પ્રજાઓ, માતુ ધારતી; દુઃખ ટાળવાને, દુષ્ટો મારતી.
ઇંદ્રરાયને, ભાગ ધારીઆ; સાય કાજ મહિ, અસુર મારીઆ.
રાખ્ય ધ્યાનમાં, વાત એ ખરી; સ્વક્રિય આચરી, બન્ને ઉચ્ચરી.
યદુપતી વની, અસોમતી; ઉદરે એ માય, જન્મી હતી.
કંસકરથી, વિંધ્યાચળ ઠરી; પણ એ બોલતી, ખંતને ધરી.
રાયણી ઉર, પ્રસરી એ ખરી; સ્વક્રિય આચરી, બન્ને ઉચ્ચરી.
ભીમક કુંવરી, માતથી તરી; શ્રદ્ધા રાખીતો, ઇચ્છ વર વરી.
કાશી પ્રસાદ કહે, આશા તાહરી; મળજે મુજને માતુ માહરી.
ઓળખીને સ્હાય, સંજ તે કરી; સ્વક્રિય આચરી, બન્નેને ઉચ્ચરી.

રાગ. બીહાગરો.

સીદ જન્મ મારે ગુમાવીયા, કર વિચાર મન સાથે;
પાપ ચરણ કરતાં ઘણાં, પડસો યમ તણે હાથે........સીદ૦
ઓખનજરના મદમાં ફુલી, ના માને કંઇ કાઇરે;
જન્મ થકી ખોટાં કૃત્ય કીધાં, મુર્ખ જાણી જોઇરે.....સીદ૦
ઘણા રંક પ્રાણીને પીડ્યા, છળ બળથી કરી ત્રાડીરે;
પાપ પુન્ય મનમાં નવ ગણીશું, કાપી તરૂવર ઝાડીરે.......સીદ૦
વિસ્વાસ દેઇને અર્થ નચાવે, ફરે કપટ પ્રપંચેરે;
ઠાંમઠાંમ થકી ધન લાવી, ખરચે નહિ તુ સંચેરે........સીદ૦
પર મીલકત દેખીને દાઝુ, લાગુ આચાર જોઇરે;
જુઠી વાંણી મુખે ભાખી, ખોટા સુકીત ખોઇરે..........સીદ૦
પર વનિતાને છળતો ચાલે, જાણે નહિ દુઃખ તેમાંર,
નીજ ઘરની ને તેજ નિશામાં, સાચો ફરક એમાંરે........સીદ૦

માત પિતાને આજ્ઞુ દમતો, નમતો નહિ વૃદ્ધોનેરે;
તરૂણ નિંદમાં શું પોઢ્યોછે, નેત્ર ઉઘાડી જોનેરે.........સીદ૦
માના ભજનમાં ભંગજ પાડે, નાંખે ધર્મને તોડીરે;
દયા ધર્મ રૂચે નહિ મનમાં, સમતાછે ઉર થોડીરે.......સીદ૦
ચોરી ચાડીમાંછે જન પુરો, શુરો પાખંડ કરતાંરે;
દેવ દરશન પર પ્રીતિ નહિને, ડરે ન જુઠું આચરતોરે......સીદ૦
સત્ય સમજણુ ઉત્તમ મુકી, કરેછે કુસંગ સાંમેરે;
કાશીપ્રસાદ કે મંદ બુદ્ધિના, શીક્ષા કઠીન માંનેરે......સીદ૦

રાગ. વેરાવળ. બહુચરાજીનો પત્ર

શ્રીગણપતીને નમીકરી ધરીચીતમાં ધ્યાન ॥ હંસવાહનીનેનમુ માગીનેમાન ॥૧॥ કાગળ લખું કૃપાનિધિ વિધવિધના પ્રણામ ॥ સાયકરો મા સરસ્વતિ પુરો મનની હામ ॥ ૨ ॥ મનસા વાચા કર્મણી તણા કાગળ કરીયે ॥ રસના રૂપી લેખણે પ્રેમરસને ભરીએ ॥ ૩ ॥ અંક અરજ ના પાડીએ માડીએ માની લેજો ॥ પ્રત્યુતર પરમેશ્વરી મને સ્વપ્નામાં કહેજો ॥ ૪ ॥ મા સ્વસ્તી શ્રી શંખલપુરી સુર નર મુની જાણે ॥ વાસ વસે ત્યાં બહુચરી જ્યેને વેદ વખાણે ॥ ૫ ॥ સેવકકાજ્ય આવે વશી ધસી ધોળા ઘડથી ॥ દાસને અતિ સુખદાયની અસુરોને નડતી ॥ ૬ ॥ દેવીએ દઈત વિદારીયા મારીયા મુંડ ચંડ ॥ તેજ લહ્યું ત્રણલોકમાં નામ સઘળે અખંડ ॥ ૭ ॥ બીરૂદ ધર્યું જય બહુચરી વીસ્તરી વીશ્વવાત ॥ શરણે રાખેછે અશરણને ન થવા દે ઘાત ॥ ૮ ॥ પુ-જ્યારાધ્યે ઈશ્વરી વળી પૂરણ પરમ ॥ આદી અનાદી અકુળછો એક ત-મો ઉત્તમ ॥ ૯ ॥ ગંગાજળ ગુણ નિર્મળ કલના કેમ થાય ॥ બ્રહ્મા વિ-ષ્ણુ મહેશ્વર ગુણ જેહના ગાય ॥ ૧૦ ॥ ગહનગતિ ગુણલાયક દાયક શુ-ભમતી ॥ નિગમવડે મુનીશોધતાં ગમ્ય જડતી નથી ॥ ૧૧ ॥ વાચા અવીચ-ળ કહે સહુ મા વિપ્ર પ્રતિપાલ ॥ વિશ્વ સકળ વ્યાપીરહી નીત્યરૂપી શ્રીકર

ળ ॥ ૧૨ ॥ શાંશાં બીરૂદ કહું તાહરાં નાંબાસનાં આધાર ॥ ઇશ્વરરૂપ તું ને આસરે તે થસે ભવપાર ॥ ૧૩ ॥ પંચજન પંચની તું ઈશ્વરી વિશ્વરૂપ ॥ સજણ પાળણ સંહારીણી એક સકળ અનુપ ॥ ૧૪ ॥ શી ઊપમા દઉ ભગવતી મતિમંદ હું માતા ॥ સકળ ઉપમાલાયક છો દેવી દિવ્યદાતા ॥ ૧૫ ॥ વીશ્વંભરી કરૂ વીનતી શકતી શ્રી પંચ ॥ રમા સાવીત્રી પાર્વતી સતી અંબીકા સંચ ॥ ૧૬ ॥ પંચસુ નામતે બહુચરી જયે અરીક્ષયેકારી ॥ રૂપ સકળધરી વિશ્વમાં વાશના વીસ્તારી ॥ ૧૭ ॥ દુખી તન જન તાહરા કરો માહરી સહાય ॥ ચણુંનું શ્રી તવચરણુને માહારે આધાર ॥ ૧૮ ॥ પ્રણામ મારા ભવાનીને તે તો માની લેજો ॥ માજી મારા વંક ગુણ તેને માફ કરજો ॥ ૧૯ ॥ અવર બીજાં લીખુ શું ગણો મુજને દિન ॥ કરણા કરી કરૂણાનીધી અતિ હાલો મલીન ॥ ૨૦ ॥ સમાચાર ચીતમાં લહો મહેર માહરી બાંય ॥ બંધન પડીયો હુ બહુચરી ઘણા દુઃખની માંહે ॥ ૨૧ ॥ રાખ્ય રાખ્યરે માવડી આંવડી મેં ન જાણી ॥ માયમાં લપટોથકો હુ ના પ્રીછ્યો પ્રાણી ॥ ૨૨ ॥ રચ્યા માનવ થઇ શું માનવું આણવું અનુપદ ॥ જીવો આગળ પાચવુ જઇ થઇને ગદગદ ॥ ૨૩ ॥ સઉએ સ્વાર્થતણું સગુ અળગુ અંતઃકાલ ॥ સંસાર સુખ તે સ્વપ્નવત દિશે આળ પંપાળ ॥ ૨૪ ॥ મનુજ તનુ જો જાય લટી વળી લક્ષ ચોરાશી ॥ અલ્પપણે અધારસી ક્યાં છુટું નાશી ॥ ૨૫ ॥ તુમ વીના હું કહું કોને મુને લીજે ઉગારી ॥ ભવસાગરમાં બુડતાં ત્રીપુરા લ્યો તારી ॥ ૨૬ ॥ ગોણી મંનને ન ગમે કોઇની સુની અંધાઅંધ ॥ તુજઆશે પરમેશ્વરી બાંધ્યો છે સંબંધ ॥ ૨૭ ॥ સંસાર માયા વીશેક જે દોરડતમાં બેડી ॥ સગપણ શક્તીથકી કર્યું મોહોટી માય મારી ॥ ૨૮ ॥ માત તાત મીત્ર બંધવા નવા નવી સગાઇ ॥ માતુલપક્ષ મુશાળનું મેન

બહુચરા બાઈ ॥ ૨૯ ॥ જુઠા સંબંધ મેં તોડીયો જોડીયો સ્નેહ તમથી ॥ પુરવ પ્રીતી કર્યાં તોડીશે જે ચાસે અગમથી ॥ ૩૦ ॥ ઓછુ લખ્યું જે બહુચરી ફરી લીજે સંભાળી ॥ દીનજાણીને દાસને બાંહ્ય ગ્રહો બીરૂદારી ॥ ૩૧ ॥ બાળ હું બહુચર તાહરો મારો વંક હોય ॥ રીસ હૃદયે ન રાખશો શક્તી સનમુખ જોય ॥ ૩૨ ॥ બીરદ તમારૂં સાંભળ્યું વાધ્યુ માહારૂં મંન ॥ પ્રેમ લાગ્યો તુમ તણો સુંપી તન મન ધન ॥ ૩૩ ॥ અરમકુ આવે તુમ જાણી તે તણી બાંહ્ય ગ્રહજો ॥ મારે ભરૂસો ભગવતી બાળકને દેજો ॥ ૩૪ ॥ મુજને કાંઈ નવ આવડે પડે વાંક ઘણેરા ॥ માફ કરે કોણ મા વીના અપરાધ અમારા ॥ ૩૫ ॥ એહવી કરો તમે ઈશ્વરી હરીહરને જણાવો ॥ શાસ્ત્ર સાર સમજુ સર્વે ત્યમ ભાવે ભણાવો ॥ ૩૬ ॥ જન્મ મરણ થતું મટે ઘટે ઘોર ઘેરાંન ॥ સનમુખ થઈ હે રમાઈને છોડો ફંદ ફેરાન ॥ ૩૭ ॥ થોડુ લખ્યું ઘણું ધારજો વારજો મમ કષ્ટ ॥ વીનતિ વાંચીને તતક્ષણે કીજે કરૂણા દ્રષ્ટ ॥ ૩૮ ॥ સીરનામે શ્રી બહુચરા પરા શકિત ધરીયાં ॥ મન એમ કહે છે જે માહરાં હવે કારજ સરીયાં ॥ ૩૯ ॥ મનરૂપી કાસદ ઘડયો ચડયો પવનને ઘોડે ॥ પત્ર પહોચાડવા માતને સત્વર થઈ દોડે ॥ ૪૦ ॥ શીરનામુ વાંચી કરી ફરી પત્ર નીહાળ્યું ॥ જગદંબાએ જવાબથી ઇચ્છું બીરદશી ભાળ્યું ॥ ૪૧ ॥ બોલાવ્યો પાસે બાળને આલને તો ઉતારી ॥ સત્વર દીધુ પારખું કર મુસ્તકે ધારી ॥ ૪૨ ॥ દેવીએ દીવ્ય કીધી દયા છાયા મારી ઘોર ॥ આનંદ મુક્ત થઈ શક્તિએ છોડયા બંધન દોર ॥ ૪૩ ॥ વારણે જાઉં વીશ્વેશ્વરી કીધાં સીધ્ય કામ ॥ કાસીરામદાસ અરજ કરી કીધાં માતાએ કામ ॥ ૪૪ ॥

રાગ. લાવણીનો. વિષયવાસના તજવા વિષે.

ભાગ્યશાળી નર ભલા બધુઓ, જુઓ તમે નયના ખોલી;
અંગ તમારાં અનંગ રંગે, સર્વ કરી લીધાં ફોલી.
સ્મર સામલ સરૂઆતે મીઠા, પણ પરીણામે ખાખ કરે;
હરે હરે વ્યભિચારી નારી, શુદ્ધ જનો પર ફાગ ભરે.
ભમર ધનુષને નયન કટાક્ષ, અરેરે કરે કાળજુ કાણું;
ચતુર નરોને મુર્ખ બનાવી, વળી હરવા લાગી નાણું.
ચિત હરણુએ ચતુરઓના, અંગ કરે નવનરતરે;.........હરેહરે૦
નયનો બંધ કરીને લીધું, રદય પ્રથમ તેણે ચોરી;
રદય સુન્ય વર કર્યો ફાણુજનું નહિ બતાવે શીર જોરી.
વીશ નખી કયા વળગી, ચુસે રૂધીર નીરંતરરે.........હરેહરે૦
વીવેકથી વર્તીને જોવું, પ્રિય ચી-તવન્તિ કેદ પડે;
મતલબ સુધી મન જાણુ વે, આખર તેનો ઘાટ ઘડે.
પર નારીનો સંગ કરે ભાઇ, તે નરને ધિક્કાર અરે.........હરેહરે૦
નયન શક્તિને એંચી લીધી, મગજ તણી સ-તા તોડી;
રૂધીર રંગને બદલી લીધો, રીકાસ ભાળ વિષે ચોડી.
ખાજ હાવી ફોજ દરદની, ઘુસાડી તન અંદરરે.........હરેહરે૦
ત્રુટ કરી ચરણોની અંદર, વૃક્ષ સ્થળ કીધુ નબળું;
કરોડ મણકા સીથીલ બનાવ્યા, જોર બતાવીને જબરૂં.
ગરદન બાંધો સસુદતાથી, ધ્રુટપટી નહિ ભાર ધરે.........હરેહરે૦
શુદ્ધ તનથી વેર કરાવે કુલીનતાને નિસરાવે;
ફાંડ ઠરાવે સકલ જનોમાં અપજશ અતિસે પસરાવે.
સારાસાર વિચારો કરી સીમાથી ઝટ દુર કરે.........હરેહરે૦
દેહ ગેહના ઉત્તમ વંદનો કર દોળાયા ઘડી પળમાં;

કરે અગ્રે પ્રતીણુ એતો સીયાળના સમ છગઅગમાં.
જેથી તેની પર સર્વને થાય હાની કરનાર પર.............હરે હરે૦
ભરતખંડના મહાન પુરૂષો દુનિયામાં જે મંકાતા;
મહાપ્રાક્રમ સુણી જેમનું સર્વ શત્રુઓ સંતાતા.
પુત્રા તેમના હાય હાલમાં બની દીનપશુ સમ વિચરે.........હરે હરે૦
વિષય વાસના તજો હવેતો રહ્યા જરા હદમાં ભાઇ;
કરો દેહનું લમાર પણ હીત પશુ થવાથી શરમાઇ.
મોહુન રાશી ન્હે સમજો ભાઇ અંતર અતિશે માઠૂ બળે
હરે હરે વ્યભિચારી નારી શુધ જનોપર પ્રાળ ભરે

રાગ. ક્યાંથી આ સંભળાય.

જયકર જગ પ્રતિપાળ આસાપુરી જયકર જગ પ્રતિપાળ;
અરજ કરૂ હુ તુજ બાળ...................આસાપુરી૦
ધરમ ધારીધર માતુ મારી સંકટમાં લે સંભાળ
ભક્તિનો રસ મુને ભાવથી લાગ્યો નીશદિન જપુ તુજમાળ—આસા૦
દાસ સંભાળે નીત્ય ચડુ વારે દઇતોનો આણી કાળ—આશા.
કાશીપરશાદ કહે સ્હાય થજે મા આપજો દિન દયાળ...આશા.

રાગ. પદનો.

દીનરાત ભજો આપે સુખ અંતે એ માતુ માહરી;
તેમાં ખુબ મજા સમજુ તો કાયા સફર તાહરી.
છકની શાતમ નહિ થાવાની કુદરત એમ બેઠા માની
બહુ રીબાય અંતે અભીમાની.................દીનરાત.
તમે નિયમ ધર્મતણા પાળો અધર્મી અંકુર સહુ ટાળો
દુઃખ થશુ તજી ધર્મ નીડાયો...............દીનરાત.
ખાડને ઢગલે અગ્નિ લાગી જો જળ નહિ છાંટો ઝટ જાગી
તો બાળુ ગણો હાથે માગી.................દીનરાત.

નથી જોતો નીતિ રીતી પુરી બહુ અનીતિમાં રહુજે ઉરી
ત્યાં બતાવે તારી બહાદુરી..................દીનરાત.
સમજી પાછળથી પસ્તાવું માટે જ્ઞાન ધરી આગળ થાવું
પછી બાજી જોઇ દુઃખમાં નાવુ..............દીનરાત.
સુખ આજ નિયમે ચુથી નાંખે નાજ કપોલ કળથી તમને ગુખે
એ જરૂર કડવાં ફળ ચાખે..................દીનરાત.
બાપે કુ પાસ્યો કેળવણી બહુ માંડ અવળી ફેરવણી
ત્યાં થાય અધર્મની મગાવણી................દીનરાત.
જો ધર્મ વાતમાં ધ્યાન ધરો તો કામ શાને ધન ધામ થશો.
સંદેહ નથી વાક્ય ફિરો....................દીનરાત.
મુર્ખ પડે મરવા જયારે વીચારે છે પછી બહુ ત્યારે
મુખ રડે રાખીને અંધારે....................દીનરાત.
પિતાથી વ્હાલ ઝાઝુ માનુ માટે મુર્ખ દુઃખ સમજે શાનું
શું થાય ફુટયું તારૂં પાનું..................દીનરાત.
શ્રીયુત વચન નીજ ચીત ધારો તો ભવસાગર ભલી પેર તરો
કુકર્મ બુદ્ધિ ઝટ દૂર કરો..................દીનરાત.

સમાપ્ત

નવીન ગ્રાહકો

૩ બ્રાહ્મ. મગનલાલ પ્રભુરામ સ્કોલર — મુ૦ ઉમેલા.
૩ માણેકલાલ શીવરામ ત્રિવેદી. — મુ૦ પીજ
૩ ધનાભાઇ છગાભાઇ પટેલ. — મુ૦ કંજોડા તા—નડીઆદ
૩ સંકરલાલ કળીદાસ શાહ — ”
૨ શેઠ લલુભાઇ બાપુજી પંડિત — ”
૪ મોહનલાલ વિશ્વનાથ મહેતા — મુ૦ કડવાડા તા—દહેગામ

જાહેર ખબર.

સરવે લોકોને તથા શકતી ભક્તોને ખબર આપ-
વામાં આવે છે કે શ્રી ત્રીપુરા સ્તવન મંજરીનાં ઉત્ત-
ગાયન સંગ્રહ કર્તા પાસેથી રોકડી કીમતે મળશે. બ-
હારગામ વી૦પી.થી મોકલવામાં આવશે. વી૦પી. ખ-
ર્ચ મંગાવનારને શીર છે.

નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ સામટી પ્રતો
ખરીદનારને કમીશન આપવામાં આવશે.

સેવક.

પાઠક. કાશીપ્રસાદ કૃષ્ણદેવ યાજ્ઞીક.

મુ૦ પીજ તા૦ પેટલાદ